# ડો. રાજદિપસિંહ જાડેજા

પ્રમુખ - રાજકોટ શહેર કોંગ્રેસ

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ, જાગનાથ ૪૧, રેસકોર્સ સામે, જિલ્લા પંચાયત ચોક, હોટલ લેમન-ટ્રી વાળી શેરી, રાજકોટ.

Mobile : +91 98243 00007 - E-mail : dr.rajdeepsinh.jadeja@gmail.com


તા.૯/૯/૨૦૨૫

પ્રતિ

કુલપતિશ્રી

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

રાજકોટ

વિષય : સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને અધ્યાપકોની સમસ્યાઓ દૂર કરવા બાબત

શ્રીમાન,

૧. સમગ્ર ગુજરાતમાં બે વર્ષથી GCAS ના માધ્યમથી થતી પ્રવેશ કાર્યવાહીથી સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં પરેશાન થાય છે. આપના માધ્યમથી અમારી માંગણી છે કે GCAS પદ્ધતિ કોલેજોના પ્રવેશ માટે દૂર કરવામાં આવે.

૨. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં જુદા જુદા વિષયોની પરીક્ષાઓ લેવાયા બાદ પરિણામો ૪ થી ૬ મહિના સુધી આવતા નથી. પરિણામમાં ખૂબ ભૂલો આવે છે. વિદ્યાર્થીઓને હાજર હોય છતાં પણ ગેરહાજર દર્શાવેલી માર્કશીટો મળે છે. પરીક્ષા વિભાગમાં એન્ટિકરપ્શન બ્યૂરો દ્વારા રેડ પાડવામાં આવી હતી. ખાડે ગયેલું પરીક્ષા તંત્ર સુધારવામાં આવે તેવી માંગણી છે.

૩. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં નવા જોડાયેલા અધ્યાપક સહાયકોને અનુસ્નાતક શિક્ષક તરીકે માન્યતા આપવામાં આવતી નથી. અધ્યાપકોને અન્યાય કરતો આ નિર્ણય તાત્કાલિક રદ કરવામાં આવે.

૪. સમગ્ર ગુજરાતની લગભગ તમામ યુનિવર્સિટીઓમાં કોલેજના અધ્યાપકોને પી.એચડી. માર્ગદર્શક તરીકે માન્ય કરવામાં આવ્યા છે અને વિદ્યરતીઓ ફાળવવામાં આવ્યા છે. દરેક યુનિવર્સિટીઓમાં ૪૦૦ થી ૫૦૦ વિદ્યાર્થીઓને પી.એચડી.માં પ્રવેશ મળવાનો છે. એકમાત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં કોલેજના અધ્યાપકોને પી.એચડી. માટે વિદ્યાર્થીઓને ન ફાળવવાનો નિર્ણય આ વર્ષે આપે કર્યો છે પરિણામે આ વર્ષે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં Phd માટે ફક્ત ૧૦૦ બેઠકો થઇ છે . આ નિર્ણયને રદ કરી કોલેજના અધ્યાપકોને પી.એચડી. વિદ્યાર્થી ફાળવવામાં આવે, તેવી અમારી માંગણી છે.

# ડો. રાજદિપસિંહ જાડેજા

પ્રમુખ - રાજકોટ શહેર કોંગ્રેસ

રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ, જાગનાથ ૪૧, રેસકોર્સ સામે, જિલ્લા પંચાયત ચોક, હોટલ લેમન-ટ્રી વાળી શેરી, રાજકોટ.

Mobile : +91 98243 00007 - E-mail : dr.rajdeepsinh.jadeja@gmail.com


૫. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના  વહીવટમાં માત્ર બાંધકામ ઉપર ધ્યાન આપવાને બદલે વિદ્યાર્થીઓની કારકિર્દી ઉપર ધ્યાન આપવામાં આવે તે રીતે ચલાવવા અમારી માંગણી છે.

૬. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વર્ષોથી વહીવટી કર્મચારીઓની નિમણૂકો થઇ નથી. કોન્ટ્રાક્ટના કર્મચારીઓ દ્વારા વહીવટ ચાલે છે. આ પદ્ધતિ દૂર કરીને કાયમી કર્મચારીની નિમણુંક કરવામાં આવે તેવી અમારી માંગણી છે.

૭. નવા અધ્યાપકોની ભારતી વખતે પ્રાઇવેટ કોલેજના અધ્યાપકોનો અનુભવ તોજ માન્ય રહશે તેમણે UGC ના નિયમ પ્રમાણે પગાર મેળવ્યો હોય. આ નિર્ણય તદ્દન ખોટો છે, પ્રાઇવેટ કોલેજોમાં અધ્યાપકોની ભરતી નિયમાનુસાર હોય, તેમણે શૈક્ષણિક માન્યતા મળી હોય અને પરીક્ષા સહિત બધી કામગીરી કરી હોય, તેમને સંચાલકો પૂરો પગાર ના આપે તેમાં અધ્યાપકોનો કોઇ વાંક નથી, તે ધ્યાને લઇ અને તેમનો અનુભવ નવી ભરતી યુનિવર્સિટીમાં થાય ત્યારે ગણવો જોઇએ તેવી અમારી માંગણી છે.

૮. NEP 2020 મુજબ આવતા વર્ષે સ્નાતક કોલેજોમાં ચોથું વર્ષ ચાલુ થવાનું છે, તેની જાહેરાત કરવામાં આવે. કઇ કઇ કોલેજોમાં ચોથું વર્ષ ચાલુ થશે અને શું અભ્યાસક્રમ હશે તે જાહેર કરવામાં આવે.

**ડો ઇન્દ્રવિજયસિંહ ગોહિલ**
કાર્યકારી પ્રમુખ
GPCC

**ડો રાજદીપસિંહ જાડેજા**

**નરેન્દ્ર સોલંકી**
પ્રમુખ NSUI

**ડો પાર્થિવરાજસિંહ કઠવાડિયા**
પ્રવક્તા GPCC

**ડો નિદત્ત બારોટ**

**આદિત્યસિંહ ગોહિલ**
પૂર્વ પ્રમુખ NSUI

**ડો. હરદેવસિંહ જાડેજા**